सत्यमेव जयते

દાખલ તારીખ: 20.12.2022
ફેંસલ તારીખ : 29.07.2024
EXH-____

**ફોર્મ-એ**

નડીયાદના મે. ચોથા અધિક જયુડીશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબની કોર્ટ માં
ચોથા અધિક જયુડીશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ, નડિયાદ.
(ચુકાદાની તારીખ: 29.07.2024)
ફોજદારી કેસ નં. 6199/2022

નડિયાદ રૂરલ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજી. નં. 11204045220219/2022

| | |
|---|---|
| ફરિયાદી | શ્રી સરકાર |
| પ્રતિનિધિ કરનાર | વિદ્વાન એ.પી.પી. શ્રી |
| આરોપી | પૂનમભાઈ જગદીશભાઈ કહાર<br>રહે: વારસિયા આર.ટી.ઓ. રોડ, પાણી ની ટાંકી સામે, શીતળા માતાના મંદિર પાસે, કહાર મોહલ્લો, તા. જી. વડોદરા |
| પ્રતિનિધિ કરનાર | વિ. વ. શ્રી. એમ. એમ. સૈયદ, એન બી જોષી |

**ફોર્મ-બી**

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખ | 01.08.2022 |
| ફરિયાદ ની તારીખ | 01.08.2023 |
| ચાર્જશીટ દાખલ કર્યા તારીખ | 20.12.2022 |

| | |
|---|---|
| આરોપીની પ્લી લીધા તારીખ | 11.08.2023 |
| પુરાવો શરૂ કર્યા તારીખ | 03.01.2024 |
| ચુકાદો અનામત રાખ્યા તારીખ | 29.07.2024 |
| ચુકાદાની તારીખ | 29.07.2024 |
| સજાનો હુકમ કર્યા તારીખ જો હોય તો | -- |

## આરોપીની વિગતો:-

| આરોપી નં. | આરોપીનું નામ | ધરપકડ ની તારીખ | જામીન ઉપર મુક્ત કરવામાં આવેલ હોય તો તેની વિગત | કયા ગુનાનો આક્ષેપ છે ? | અનુક્રમ નં. | આર્ટિકલ નં. | મુદ્દામાલની વિગત |
|---|---|---|---|---|---|---|---|
| 1. | પૂનમભાઈ જગદીશભાઈ કહાર | | | ઈ. પી. કો. કલમ 279, 304(અ) & 337 તથા એમ. વી. એક્ટ ની કલમ 177 & 184. | | | |

## ફોર્મ-સી

## ફરિયાદપક્ષ/ બચાવપક્ષ/ કોર્ટ ના સાહેદોનું લીસ્ટ

(એ) ફરિયાદપક્ષ તરફે મૌખિક પુરાવો:-

| રેન્ક | નામ | પુરાવાનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| PW-1 | સન્ની શિવમંગલ રાજપૂત | ફરિયાદી | 7 |
| PW-2 | મોનિકા અજયભાઈ કહાર | સાહેદ | 9 |
| PW-3 | ગણેશ શંકરભાઈ કહાર | સાહેદ | 10 |
| PW-4 | કલ્પેશભાઈ  રમેશભાઈ કહાર | સાહેદ | 11 |
| PW-5 | શાંતાબેન શંકરભાઈ કહાર | સાહેદ | 12 |
| PW-6 | રોહિત રાજુભાઈ વાઘેલા | સાહેદ | 13 |
| PW-7 | તેજલબેન ગણેશ કહાર | સાહેદ | 14 |
| PW-8 | બંટીભાઈ કાળકા કહાર | સાહેદ | 15 |
| PW-9 | નરેન્દ્રસિંહ મહિપત સિંહ | ત.ક. અમલદાર | 16 |
| PW-10 | જીતેન્દ્ર આત્મારામ કન્ડ્રે | ત.ક. અમલદાર | 21 |

(બી) બચાવપક્ષે સાહેદ:-

| રેન્ક | નામ | પુરાવા નો પ્રકાર |
|---|---|---|
| - | - | - |

(સી) કોર્ટ સાહેદ:-

| રેન્ક | નામ | પુરાવા નો પ્રકાર |
|---|---|---|
| - | - | - |

ફરિયાદપક્ષ તરફે આંકે પાડેલા દસ્તાવેજી પુરાવા:-

| અ. નં. | દસ્તાવેજ નું વર્ણન | દસ્તાવેજ ને આપેલ |
|---|---|---|

| | | આંક |
|---|---|---|
| 1 | ફરિયાદ | આંક- 8 |
| 2 | ઇન્કવેસ્ટ પંચનામું | આંક-17 |
| 3 | ગુનાવાળી જગ્યા નું પંચનામું | આંક-22 |
| 4 | પૂનમભાઈ કહાર નું મેડિકલ સર્ટી. | આંક- 23 |
| 5 | વાહન પરીક્ષણ અહેવાલ | આંક-24 |
| 6 | સ્થળ પરીક્ષણ અહેવાલ | આંક-25 |
| 7 | પી. એમ. રિપોર્ટ | આંક-26 |
| 8 | આર. સી. બુક | આંક-27 |

બચાવપક્ષ તરફે આંકે પાડેલા દસ્તાવેજી પુરાવા:-

| અ. નં. | દસ્તાવેજ નું વર્ણન | દસ્તાવેજ ને આપેલ આંક |
|---|---|---|
| - | - | - |

કોર્ટ તરફે આંકે પાડેલા દસ્તાવેજી પુરાવા:-

| અ. નં. | દસ્તાવેજ નું વર્ણન | દસ્તાવેજ ને આપેલ આંક |
|---|---|---|
| - | - | - |

મુદ્દામાલ ની વિગત:-

| અ. નં. | આર્ટિકલ નં. | મુદ્દામાલ ની વિગત |
|---|---|---|
| - | - | - |

**--/જજમેન્ટ/--**

(1)ફરિયાદ પક્ષના કેસ ની ટુંક માં હકીકત એવી છે કે, આ કામ ના આરોપીએ તા. 01.08.2022 ના રોજ કલાક. 13/45 ના સુમારે મોજે વડોદરાથી અમદાવાદ તરફનો એકસપ્રેકસ હાઇવે રોડ સલુણ તાબે જોશીપુરા ગામની સીમ ચેનલ નંબર. 45/400 ની સામે રોડ ઉપર પોતે પોતાની ઇકો ગાડી નંબર જી.જે. 06. પી.ઇ. 9820 ની પુરઝડપે, બેફીકરાઇ અને ગફલત ભરી રીતે ચલાવી લઇ આવી ગાડીનું પાછળનું ડાબી સાઇડનું ટાયર ફાટી જતાં સ્ટેરીંગ ઉપરનો કાબું ગુમાવતાં ગાડીને પલટી ખવડાવી ગાડીમાં બેઠેલ ફરીના સાહેદ-અજય ભાઇને ડાબા હાથે તથાં શરીરે ગંભીર પ્રકારની ઇજાઓ પહોચાડી સ્થળ ઉપર મોત નીપજાવી તથાં પોતાને પણ શરીરે ડાબા ખભા ઉપર તથાં શરીરે વતાં ઓછા પ્રમાણમાં ઇજાઓ પહોચાડી ઈ.પી.કો. કલમ 279, 304(અ) & 337 અને મોટર વેહિકલ એક્ટ ની કલમ 177 અને 184 મુજબનો ગુનો કરેલ હોય તેવી ફરિયાદી એ નડિયાદ રૂરલ પોલીસ સ્ટેશન ખાતે ફરિયાદ નોંધવતા તે આધારે તપાસ ના અંતે આરોપી વિરુદ્ધ પૂરતો પુરાવો જણાતા ચાર્જશીટ ફાઈલ કરવામાં આવેલ છે.

(2)ઉપરોક્ત ગુના સબબની ફરિયાદ આ કામ ના ફરિયાદી/આરોપી એ નડિયાદ રૂરલ પોલીસ સ્ટેશનમાં નોંધવતા તે આધારે સદર ગુનાની તપાસ કરનાર અધિકારીએ દ્વારા તપાસ સંભાળી લઈ જરૂરી પંચનામા કરી, લાગતા વળગતા સાહેદોના નિવેદનો લઈ, આરોપી ને અટક કરી જામીન ઉપર મુક્ત કરી આરોપી વિરુદ્ધ પૂરતો પુરાવો મળી આવતા અત્રે ની કોર્ટમાં ચાર્જશીટ કરેલ છે.

(3)સદર કામ ના આરોપી ને સમન્સ/વોરંટ  કાઢતા બજવણી આરોપી અત્રે કોર્ટ સમક્ષ હાજર રહેલ અને અત્રે ની કોર્ટે આરોપી ને પોલીસ પેપર્સની નકલો ક્રી.પો.કો. 207 અન્વયે વિના મૂલ્યે પૂરી પાડ્યા બાદ આંક-**4** થી પ્લી નોંધતા આરોપી એ ગુનો કબૂલ નથી અને કેસ આગળ ચલાવવો છે તેવું જણાવતા કેસ આગળ ચલાવવામાં આવેલ છે.

(4)આ સિવાય ફરિયાદ પક્ષે અન્ય કોઈ પુરાવો રજૂ કરવામાં આવેલ નથી અને ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી ની મૌખિક વિનંતી થી પુરાવો પૂરો થયાનું જાહેર કરેલ છે. ત્યારબાદ આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. તેમાં તેઓએ નિર્દોષ હોવાનુ અને ખોટો કેસ કરેલ હોવાનુ જણાવેલ છે.

(5)આ કામમાં ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી તથા આરોપી તરફે વિ.વ.શ્રી. ની દલીલો સાંભળવામાં આવેલ છે. વિ. એ.પી.પી. શ્રી નાઓ ની દલીલ છે કે ફરિયાદી તેમજ સાહેદો એ ફરિયાદ પક્ષ ની હકીકત ને સમર્થન કરેલ છે ફરિયાદી તેમજ અન્ય સાહેદો એ આપેલ પુરાવો જોવામાં આવે તો તેઓ એ જણાવેલ છે કે આ કામ ના આરોપી જ અકસ્માત વાડું વાહન હંકારતા હતા અને જેથી આરોપી ની હાજરી પુરવાર થતી હોય તેમજ આરોપી વાહન હંકારતા હતા તેવું પુરવાર થતું હોય જેથી ફરિયાદ પક્ષે આ કામ ના આરોપી એ જ કહેવતો ગુનો કરેલ છે તેવું જણાઈ આવે છે જેથી આરોપી વિરુદ્ધ તહોમત મુજ્બ ગુનો પુરવાર થાય છે. તેમજ આરોપી ના વિ.વ.શ્રી. ની દલીલ છે કે આરોપી ફરિયાદી કે અન્ય સાહેદોએ આપેલ પુરાવા માં આરોપી તેમનુ વાહન પૂરઝડપે, બેફિકરાઈ પૂર્વક અને ગફલત ભરી રીતે હંકારતા હતા કે કેમ તેવું જણાવેલ નથી પરંતુ આરોપી જ્યારે હાઇવે ઉપર વાહન હંકારતા હતા ત્યારે ઇકો ગાડી નું ડાબી બાજુ નું ટાયર ફાટી જતા અકસ્માત થયેલ તેવું જણાવેલ છે. જેથી આરોપી એ કહેવાતો ગુનો કર્યું હોય કે કેમ તે પુરવાર થતું નથી જેથી આરોપી ને નિર્દોષ ઠરાવી છોડી મૂકવા અરજ કરેલ છે.

(6)ઉપરોક્ત હકીકતે સદરહું કેસ ના ન્યાયિક નિર્ણય અર્થે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત છે.

## <u>//મુદ્દાઓ//</u>

(1)શું ફરિયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ કામ ના આરોપીએ તા. 01.08.2022 ના રોજ કલાક. 13/45 ના સુમારે મોજે વડોદરાથી અમદાવાદ તરફનો એકસપ્રેકસ હાઇવે રોડ સલુણ તાબે જોશીપુરા ગામની સીમ ચેનલ નંબર. 45/400 ની સામે રોડ ઉપર પોતે પોતાની ઇકો ગાડી નંબર જી.જે. 06 પી.ઇ. 9820 ની પુરઝડપે, બેફીકરાઇ અને ગફલત ભરી રીતે ચલાવી લઇ આવી ગાડીનું પાછળનું ડાબી સાઇડનું ટાયર ફાટી જતાં સ્ટેરીંગ ઉપરનો કાબું ગુમાવતાં ગાડીને પલટી ખવડાવી ગાડીમાં બેઠેલ ફરીના સાહેદ-અજય ભાઇને ડાબા હાથે તથાં શરીરે ગંભીર પ્રકારની ઇજાઓ પહોચાડી સ્થળ ઉપર મોત નીપજાવી તથાં પોતાને પણ શરીરે ડાબા ખભા ઉપર તથાં શરીરે વતાં ઓછા પ્રમાણમાં ઇજાઓ પહોચાડી

ઈ.પી.કો. કલમ 279, 304(અ) & 337 અને મોટર વેહિકલ એક્ટ ની કલમ 177 અને 184 મુજબનો શિક્ષા ને પાત્ર ગુનો કરેલ છે ??

(2)શું હુકમ ??

(7)ઉપરોક્ત મુદ્દાઓ ના મારા જવાબ નીચે મુજબ છે.

(1)નકાર માં..
(2)આખરી હુકમ મુજબ..

(8) ફરિયાદ પક્ષે તેઓ નો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબ ના સાહેદો તપાસેલા છે.

(1)ફરિયાદ પક્ષે આંક-**7** થી ફરિયાદી સન્ની શિવમંગળ રાજપૂત નાઓ તેઓની સોગંધ ઉપરની જુબાની માં જણાવે છે કે આજથી આશરે ૧.૫ વર્ષ પહેલા તા. ૧/૮/૨૨ ના રોજ બપોરના ૧૨ વાગે હું તથા મારો મિત્ર રીયાઝ તેમની ઈકો ગાડી નં. જી.જે. ૦૬ પી.ઈ. ૯૮૨૦ ની લઈ હું તથા અમારા ફળીયામાં રહેતા રોહિતભાઈ તથા પુનમભાઈ કહાર, તથા બંટી ભાઈ તથા અજયભાઈ કહાર અમો બધા મીના વાડા ગામે દશામાં ના મંદિરે દર્શન કરવા ઈકો ગાડી લઈને નીકળેલા આ ઈકો ગાડી પુનમભાઈ જગદિશભાઈ ચલાવતા હતા. બપોરના ૨ વાગ્યાની આસ પાસ વડોદરા અમદાવાદ હાઈવે ઉપર સલુણ નજીક ઈકો ગાડીનુ ડાબી બાજુનુ ટાયર ફાટી જતાં અમારી ગાડીનુ બેલેન્શ ન રહેતા પલ્ટી ખાઈ ગયેલી જેમાં અમારી સાથેના અજયભાઈ કહાર ને ગંભીર ઈજાઓ થતા સ્થળ ઉપર મરણ ગયેલ અને ઈકો ગાડીના ચાલક પુનમભાઈને શરીરે ઈજાઓ થયેલી. જેથી એમબ્યુલન્સ આવતા અજયભાઈ તથા પુનમભાઈને નડીયાદ સીવીલ હોસ્પિ. લઈ ગયેલા. બનાવ સમયે અમારી ઈકો ગાડી માપ સરની જતી હતી. બનાવ કોની ભુલને લીધે બનેલો તે હુ કહી શકુ નહી. બનાવ બાબતે મે નડીયાદ રુરલ પો.સ્ટે. ફરીયાદ આપેલી જે ફરીયાદમાં મારી સહી હું ઓળખી બતાવુ છુ. જેને રજુ દાખલ આંક- 8 આપવામાં આવે છે. જેથી ઉપરોક્ત સાહેદ ફરિયાદ પક્ષ ની હકીકત ને સમર્થન કરતા ન હોઈ વિ.એ.પી.પી. શ્રી એ કોર્ટ ની પરવાનગી થી ઉલટતપાસ કરેલ પરંતુ તેમાં પણ ફરિયાદી તેમના કથન થી વળગી રહેલ છે.

ત્યારબાદ તેઓ તેઓની ઉલટતપાસ માં જણાવે છે કે એ વાત ખરી છે કે, બનાવ સમયે ઈકો ગાડી માપ સરની ગતીએ જતી હતી. ટાયર ફાટતા આ બનાવ બનેલો.

(2)ત્યારબાદ ફરિયાદ પક્ષે આંક**-9** થી સાહેદ મોનિકા અજયભાઈ કહાર નાઓ તેઓની સોગંધ ઉપરની જુબાની માં જણાવે છે કે આજથી આશરે ૧.૫ વર્ષ પહેલા તા. ૧/૮/૨૨ ના રોજ હું તથા અમારા ઘરના માણસો ઘરમાં હાજર હતા ત્યારે મારા પતિ અયભાઈ તેમના મિત્ર પુનમભાઈ તથા રીયાઝ અહેમદની તેમની ઈકો ગાડી નં. જી.જે. ૦૬ પી.ઈ. ૯૮૨૦ ની લઈ મીત્રો સાથે બધા ખેડા જીલ્લાના મીના વાડા ગામે દશામાંના મંદિરે દર્શન કરવા બપોરના ૧૨ વાગે ઘરેથી નીકળેલા ત્યારે બપોરના ૨ વાગે મારા જેઠ ગણેશભાઈના મોબાઈલ ફોન ઉપર મારા પતિ અજયના મીત્ર શનીનો ફોન આવેલો અને કહેલ કે, અમો ઈકો ગાડી લઈ એકસપ્રેસ હાઈવે ઉપર જતાં હતા ત્યારે સલુણ ગામની સીમમાં ગાડીનુ ડાબી સાઈડનું ટાયર અચાનક ફાટતા ગાડીનુ બેલેન્સ ન રહેતા ગાડી પલટી ખાઈ ગયેલ છે અને તેમાં અજયભાઈને ગંભિર ઈજાઓ થતા સ્થળ ઉપર મરણ ગયેલ છે અને પનુમભાઈને ઈજાઓ થયેલ છે. અને એમ્બ્યુલન્સમાં બન્ને જણાને નડીયાદ સીવીલ હોસ્પિ.માં લઈ જઈએ છીએ તમો બધા ત્યાં આવો જેથી હું તથા મારા જેઠ ગણેશભાઈ, તથા સાસુ શાંતાબેન પ્રાઈવેટ વાહન કરી નડીયાદ સીવીલ હોસ્પિ.માં ગયેલા અને મારા પતિ અજયભાઈની ડેડ બોડી પી.એમ. રુમમાં મુકેલ હતી. અને પી.એમ. કર્યા બાદ મારા પતિની ડેડ બોડી અમોને સોપતા ઘરે આવી અંતિમ વિધી કરેલી અને શનીભાઈએ ફરીયાદ આપતા ત.ક.અ. એ મારુ નિવેદન લીધેલુ.

ત્યારબાદ તેઓ તેઓ ની ઉલટતપાસ માં જણાવે છે કે એ વાત ખરી છે કે, બનાવ સમયે હું મારા ઘરે હતી. જેથી બનાવ મે નજરો નજર જોયેલ નથી.

(3)ત્યારબાદ ફરિયાદ પક્ષે આંક**- 10** થી સાહેદ ગણેશ શંકરભાઈ કહાર નાઓ તેઓની સોગંધ ઉપરની જુબાની માં જણાવે છે કે તા.૦૧/૦૮/૨૨ ના રોજ સવારે ૧૧ વાગ્યે હું મારા ઘરે હાજર હતો ત્યારે મારા ભાઈ અજ્યભાઈના મિત્ર પુનમભાઈ જગદિશભાઈ કહાર તેના મિત્ર રીયાઝની ઈકો ગાડી નં. જી.જે. ૦૬ પી.ઈ. ૯૮૨૦ લઈને આવેલ અને મારા ભાઈ અજય અને ફળીયામાં રહેતા રોહીતભાઈ તથા શનિભાઈ તથા બન્ટીભાઈ એ રીતેના બધા ખેડા જીલ્લાના મીનાવાડા ગામે દર્શન કરવા અમારા ઘરેથી નીકળેલા અને બપોરે ૨ વાગે મારા મોબાઈલ ફોન ઉપર અયનો મિત્ર શનિનો ફોન

આવેલો અને કહેલ કે અમે બધા એક્ષ. હાઈવે થઈ મીનાવાડા દર્શન કરવા જતા હતા ત્યારે બપોરે ૨ વાગ્યે એક્ષ. હાઈવે રોડ ઉપર સલુણ ગામની સીમ ઉપર રોડ ઉપર જતા હતા. ત્યારે ઈકો ગાડીનું પાછલી સાઈડનું ટાયર અચાનક ફાટતા ગાડીનો ચાલક પુનઃમભાઈએ ગાડીનો કાબુ ગુમાનવતા ગાડી પલ્ટી ખાઈ ગયેલ અને તમારા દિકરા અજયભાઈને ગંભીર ઈજાઓ થતા સ્થળ ઉપર મરણ ગયેલ છે અને એક્ષ. હાઈવેની એમ્બ્યુલન્શ ગાડીને અજયભાઈ તથા પુનઃભાઈને નડીયાદ સિવીલ હોસ્પિટલમાં લઈ જઈએ છીએ જેથી અમો બધા ઘરના માણસો પ્રાઈવેટ વાહન કરી નડીયાદ સિવીલ હોસ્પિટલમાં ગયેલા મારા ભાઈની ડેડ બોડી પી.એમ. રૂમમાં મુકેલ હતી. પી.એમ. કર્યા બાદ અમોને લાશ સોપતા અંતિમ વિધી કરેલી. અકસ્માત બાબતે શનિ રાજપુતે ઈ.કો ગાડી ચાલક વિરૂધ્ધ ફરીયાદ આપતા પોલીસે મારૂ નિવેદન લીધેલ. પુનમભાઈ આજરોજ કોર્ટમા હાજર છે. જેને હું ઓળખી બતાવું છું.

ત્યારબાદ તેઓ તેઓ ની ઉલટતપાસ માં જણાવે છે કે એ વાત ખરી છે કે, બનાવ મેં નજરો નજર જોયેલ નથી. એ વાત ખરી છે કે, બનાવની હકીકત મેં વાતો વાતથી જાણેલી.

(4)ત્યારબાદ ફરિયાદ પક્ષે આંક**-11** થી સાહેદ કલ્પેશભાઈ  રમેશભાઈ કહાર નાઓ તેઓની સોગંધ ઉપરની જુબાની માં જણાવે છે કે તા.૦૧/૦૮/૨૨ ના રોજ સવારે ૧૧ વાગ્યે હું મારા ઘરે હાજર હતો ત્યારે મારા મોટા પપ્પાનો દિકરો અજયભાઈના મિત્ર પુનમભાઈ જગદિશભાઈ કહાર તેના મિત્ર રીયાઝની ઈકો ગાડી નં. જી.જે. ૦૬ પી.ઈ. ૯૮૨૦ લઈને આવેલ અને મારા ભાઈ અજય અને ફળીયામાં રહેતા રોહીતભાઈ તથા શનિભાઈ તથા બન્ટીભાઈ એ રીતેના બધા ખેડા જીલ્લાના મીનાવાડા ગામે દર્શન કરવા અમારા ઘરેથી નીકળેલા અને બપોરે ૨ વાગે મારા મોટા પપ્પાના દિકરા ગણેશના મોબાઈલ ફોન ઉપર અજ્યનો મિત્ર શનિનો ફોન આવેલો અને કહેલ કે અમે બધા એક્ષ. હાઈવે થઈ મીનાવાડા દર્શન કરવા જતા હતા ત્યારે બપોરે ૨ વાગ્યે એક્ષ. હાઈવે રોડ ઉપર સલુણ ગામની સીમ ઉપર રોડ ઉપર જતા હતા. ત્યારે ઈકો ગાડીનું પાછલી સાઈડનું ટાયર અચાનક ફાટતા ગાડીનો ચાલક પુનમભાઈએ ગાડીનો કાબુ ગુમાનવતા ગાડી પલ્ટી ખાઈ ગયેલ અને તમારા દિકરા અજયભાઈને ગં ભીર ઈજાઓ થતા સ્થળ ઉપર મરણ ગયેલ છે અને એક્ષ. હાઈવેની એમ્બ્યુલન્શ ગાડીને અજયભાઈ તથા પુનઃભાઈને નડીયાદ સિવીલ હોસ્પિટલમાં લઈ જઈએ છીએ જેથી અમો બધા ઘરના માણસો પ્ર ાઈવેટ વાહન કરી નડીયાદ સિવીલ

હોસ્પિટલમાં ગયેલા મારા ભાઈની ડેડ બોડી પી.એમ. રૂમમાં મુકેલ હતી. પી.એમ. કર્યા બાદ અમોને લાશ સોપતા અંતિમ વિધી કરેલી. અકસ્માત બાબતે શનિ રાજપુતે ઈ.કો ગાડી ચાલક વિરૂધ્ધ ફરીયાદ આપતા પોલીસે મારૂ નિવેદન લીધેલ. પુનઃમભાઈ આજરોજ કોર્ટમા હાજર છે. જેને હું ઓળખી બતાવું છું.

ત્યારબાદ તેઓ તેઓ ની ઉલટતપાસ માં એ વાત ખરી છે કે, બનાવ મેં નજરો નજર જોયેલ નથી. એ વાત ખરી છે કે, બનાવની હકીકત મેં વાતો વાતથી જાણેલી.

(5)ત્યારબાદ ફરિયાદ પક્ષે આંક**-12** થી સાહેદ શાંતાબેન શંકરભાઈ કહાર નાઓ તેઓની સોગંધ ઉપરની જુબાની માં જણાવે છે કે તા.૦૧/૦૮/૨૨ ના રોજ સવારે ૧૧ વાગ્યે હું મારા ઘરે હાજર હતી ત્યારે મારા દિકરા અજયભાઈના મિત્ર પુનમભાઈ જગદિશભાઈ કહાર તેના મિત્ર રીયાઝની ઈકો ગાડી નં. જી.જે. ૦૬ પી.ઈ. ૯૮૨૦ લઈને આવેલ અને મારા દિકરા અજય અને ફળીયામાં રહેતા રોહીતભાઈ તથા શનિભાઈ તથા શનિભાઈ એ રીતેના બધા ખેડા જીલ્લાના મીનાવાડા ગામે દર્શન કરવા અમારા ઘરેથી નીકળેલા અને બપોરે ૨ વાગે મારા મોટા દિકરા ગણેશના મોબાઈલ ફોન ઉપર અજયનો મિત્ર શનિનો ફોન આવેલો અને કહેલ કે અમે બધા એક્ષ. હાઈવે થઈ મીનાવાડા દર્શન કરવા જતા હતા ત્યારે બપોરે ૨ વાગ્યે એક્ષ. હાઈવે રોડ ઉપર સલુણ ગામની સીમ ઉપર રોડ ઉપર જતા હતા. ત્યારે ઈકો ગાડીનું પાછલી સાઈડનું ટાયર અચાનક ફાટતા ગાડીનો ચાલક પુનમભાઈએ ગાડીનો કાબુ ગુમાવતા ગાડી પલ્ટી ખાઈ ગયેલ અને તમારા દિકરા અજયભાઈને ગંભીર ઈજાઓ થતા સ્થળ ઉપર મરણ ગયેલ છે અને એક્ષ. હાઈવેની એમ્બ્યુલન્શ ગાડીને અજયભાઈ તથા પુનભાઈને નડીયાદ સિવીલ હોસ્પિટલમાં લઈ જઈએ છીએ જેથી અમો બધા ઘરના માણસો પ્રાઈવેટ વાહન કરી નડીયાદ સિવીલ હોસ્પિટલમાં ગયેલા મારા દિકરાની ડેડ બોડી પી.એમ. રૂમમાં મુકેલ હતી. પી.એમ. કર્યા બાદ અમોને લાશ સોપતા અંતિમ વિધી કરેલી. અકસ્માત બાબતે શનિ રાજપુતે ઈ.કો ગાડી ચાલક વિરૂધ્ધ ફરીયાદ આપતા પોલીસે મારુ નિવેદન લીધેલ. પુનમભાઈ આજરોજ કોર્ટમા હાજર છે. જેને હું ઓળખી બતાવું છું.

ત્યારબાદ તેઓ તેઓની ઉલટતપાસ માં જણાવે છે કે એ વાત ખરી છે કે, બનાવ મેં નજરો નજર જોયેલ નથી. એ વાત ખરી છે કે, બનાવની હકીકત મેં વાતો વાતથી જાણેલી.

(6)ત્યારબાદ ફરિયાદ પક્ષે આંક**-13** થી સાહેદ રોહિત રાજુભાઈ વાઘેલા નાઓ તેઓની સોગંધ ઉપરની જુબાની માં જણાવે છે કે આજથી આશરે ૧.૫ વર્ષ પહેલા તા. ૧/૮/૨૨ ના રોજ બપોરના ૧૨ વાગે હું તથા મારો મિત્ર રીયાઝ તેમની ઈકો ગાડી નં. જી.જે. ૦૬ પી.ઈ. ૯૮૨૦ ની લઈ હું તથા અમારા ફળીયામાં રહેતા શન્નીભાઈ તથા પુનઃમભાઈ કહાર, તથા બંટી ભાઈ તથા અજયભાઈ કહાર અમો બધા મીના વાડા ગામે દશામાંના મંદિરે દર્શન કરવા ઈકો ગાડી લઈને નીકળેલા આ ઈકો ગાડી પુનમભાઈ જગદિશભાઈ ચલાવતા હતા. બપોરના ૨ વાગ્યાની આસ પાસ વડોદરા અમદાવાદ હાઈવે ઉપર સલુણ નજીક ઈકો ગાડીનુ ડાબી બાજુનુ ટાયર ફાટી જતાં અમારી ગાડીનુ બેલેન્શ ન રહેતા પલ્ટી ખાઈ ગયેલી જેમાં અમારી સાથેના અજયભાઈ કહાર ને ગંભીર ઈજાઓ થતા સ્થળ ઉપર મરણ ગયેલ અને ઈકો ગાડીના ચાલક પુનમભાઈને શરીરે ઈજાઓ થયેલી. જેથી એમબ્યુલન્સ આવતા અજયભાઈ તથા પુનમભાઈને નડીયાદ સીવીલ હોસ્પિ. લઈ ગયેલા. બનાવ સમયે અમારી ઈકો ગાડી માપ સરની જતી હતી. બનાવ કોની ભુલને લીધે બનેલો તે હુ કહી શકુ નહી. બનાવ બાબતે શન્નીભાઈએ નડીયાદ રુરલ પો.સ્ટે. ફરીયાદ આપેલી. પોલીસે મારુ નિવેદન લીધેલુ. ત્યારબાદ સાહેદ ફરિયાદ પક્ષ ની હકીકત ને સમર્થન કરતા ન હોય જેથી વિ. એ.પી.પી. શ્રી એ ઉલટ તપાસમાં પૂછી શકાય એવા પ્રશ્નો પૂછેલ પરંતુ સાહેદ આરોપી વાહન પૂરઝડપે, બેફિકરાઈ પૂર્ણ, અને ગફલત ભરી રીતે હંકારતા હતા કે કેમ તેવી હકીકત ને સમર્થન કરતા નથી.

ત્યારબાદ તેઓ તેઓ ની ઉલટતપાસ માં જણાવે છે કે એ વાત ખરી છે કે, બનાવ સમયે ઈકો ગાડી માપ સરની ગતીએ જતી હતી. ટાયર ફાટતા આ બનાવ બનેલો.

(7)ત્યારબાદ ફરિયાદ પક્ષે આંક**-14** થી સાહેદ તેજલબેન ગણેશ કહાર નાઓ તેઓની સોગંધ ઉપરની જુબાની માં જણાવે છે કે બનાવ આજથી આશરે ૧.૫ -૨ વર્ષ પહેલા બનેલો. બનાવના દિવસે સવારે ૧૧ વાગે હું તથા મારા ઘરના માણસો ઘરે હાજર હતા અને તે સમયે મારા દિયર અજયભાઈ ના મિત્ર પુનમભાઈ જગદિશભાઈ કહાર નાઓ તેના મિત્ર રીયાઝ અહેમદની ઈકો ગાડી નં. જીજે ૦૬ પીઈ ૯૮૨૦ ની લઈ આવેલ અને અમારા ફળીયામાં રહેતા બંટીભાઈ તથા રોહિતભાઈ તથા સન્નીભાઈ અને મારા દિયર અજયભાઈ એ રીતના બધા લોકો ખેડા જીલ્લાના મીનાવાડા

ખાતે દર્શન કરવા અમારા ઘરેથી નિકળેલા બપોરે ૨ વાગે અમો બધા ઘરે હતા ત્યારે મારા પતિ ગણેશભાઈના મોબાઈલ ઉપર અજયભાઈના મિત્ર સન્નીનો ફોન આવેલ અને જણાવેલ કે, અમો બધા એકસ પ્રેસ હાઈવે થઈ મીનાવાડા દર્શન કરવા જતાં હતા ત્યારે આશરે ૧.૪૫ વાગે સલુણ ગામની સીમમાં જોષી પુરા સીમ પાસે જતાં હતા ત્યારે ઈકો ગાડીનુ ડાબી સાઈડનુ ટાયર અચાનક ફાટતા ગાડીના ચાલક પુનમભાઈએ ગાડીનુ બેલેન્સ ગુમાવી દેતા ગાડી પલટી ખાઈ ગયેલ જેમાં અજયભાઈને ગંભીર ઈજાઓ થતાં તેઓ મરણ ગયેલ છે અને પુનઃમભાઈને પણ ઈજા થયેલ હોઈ બન્ને જણાને નડીયાદ સીવીલ હોસ્પી.માં લઈ જઈએ છીએ અને તમો બધા ત્યા આવો જેથી અમો બધા પ્રાઈવેટ વાહન કરી નડીયાદ સીવીલ હોસ્પી. ગયેલા અને મારા દિયર અજયનુ પી.એમ. કર્યા બાદ લાશનો કબજો મારા પતિને સોપેલ અને અંતિમ વિધી કરેલી. બનાવ બાબતે સન્ની રાજપુતે પુનમભાઈ વિરુઘ્ધ ફરીયાદ આપતા પોલીસે મારુ નિવેદન લીઘેલુ. આરોપી તેમજ આરોપી ના વકીલ શ્રી હાજર ન હોય સદરહુ સાહેદ ની ઉલટતપાસ નથી.

(8)ત્યારબાદ ફરિયાદ પક્ષે આંક**-15** થી સાહેદ બંટીભાઈ કાલકા કહાર નાઓ તેઓની સોગંધ ઉપરની જુબાની માં જણાવે છે કે આજથી આશરે ૧.૫ વર્ષ પહેલા તા. ૧/૮/૨૨ ના રોજ બપોરના ૧૨ વાગે હું તથા મારો મિત્ર રીયાઝ તેમની ઈકો ગાડી નં. જી.જે. ૦૬ પી.ઈ. ૯૮૨૦ ની લઈ હું તથા અમારા ફળીયામાં રહેતા શન્નીભાઈ તથા પુનમભાઈ કહાર, તથા રોહિતભાઈ તથા અજયભાઈ કહાર અમો બધા મીના વાડા ગામે દશામાંના મંદિરે દર્શન કરવા ઈકો ગાડી લઈને નીકળેલા આ ઈકો ગાડી પુનમભાઈ જગદિશભાઈ ચલાવતા હતા. બપોરના ૨ વાગ્યાની આસ પાસ વડોદરા અમદાવાદ હાઈવે ઉપર સલુણ નજીક ઈકો ગાડીનુ ડાબી બાજુનુ ટાયર ફાટી જતાં અમારી ગાડીનુ બેલેન્સ ન રહેતા પલ્ટી ખાઈ ગયેલી જેમાં અમારી સાથેના અજયભાઈ કહાર ને ગંભીર ઈજાઓ થતા સ્થળ ઉપર મરણ ગયેલ અને ઈકો ગાડીના ચાલક પુનમભાઈને શરીરે ઈજાઓ થયેલી. જેથી એમબ્યુલન્સ આવતા અજયભાઈ તથા પુનમભાઈને નડીયાદ સીવીલ હોસ્પિ. લઈ ગયેલા. બનાવ સમયે અમારી ઈકો ગાડી માપ સરની જતી હતી. બનાવ કોની ભુલને લીઘે બનેલો તે હુ કહી શકુ નહી. બનાવ બાબતે શન્નીભાઈએ નડીયાદ રુરલ પો.સ્ટે. ફરીયાદ આપેલી. પોલીસે મારુ નિવેદન લીઘેલુ. ત્યારબાદ સાહેદ ફરિયાદ પક્ષ ની હકીકતને સમર્થન કરતા ન હોઈ વિ.એ.પી.પી. શ્રી એ ફરી ગયેલા જાહેર કરી ઉલટ તપાસ માં પૂછી શકાય તેવા પ્રશ્નો પૂછેલ પરંતુ સાહેદ તેમ છતાં ફરિયાદ પક્ષ ની

હકીકત ને સમર્થન કરતા નથી. આરોપી તેમજ આરોપી ના વકીલ શ્રી હાજર ન હોય સદરહુ સાહેદ ની ઉલટતપાસ નથી.

(9)ત્યારબાદ ફરિયાદ પક્ષે આંક**-16** થી ત.ક. અમલદાર નરેન્દ્ર સિંહ મહિપત સીંહ નાઓ તેઓની સોગંધ ઉપરની જુબાની માં જણાવે છે કે તા. ૧/૮/૨૨, ના રોજ અમો નડીયાદ ટુરલ પો.સ્ટે. અમારી ફરજ ઉપર હાજર હતા ત્યારે ફરીયાદી સન્ની શીવમંગલસિંહ રાજપુત નાઓએ નડીયાદ રુલર પો.સ્ટે આવી ફરીયાદ લખાવતા પી.એસ.ઓ. એની.બી. ભોઈ નાઓએ ફરીયાદ લખી લઈ ગુનો દાખલ કરી વધુ તપાસ અમોને સોપેલી, સદર કામે અજયભાઈ શંકરભાઈ કહાર નાઓ ગુજરી ગયેલ હોઈ નડીયાદ સીવીલ હોસ્પી. જઈ અમોએ ઈન્ક. પંચનામુ પંચોની હાજરીમાં કરેલુ. જે ઈન્ક. પંચનામામાં મારી સહી છે તથા પંચોએ સહી કરેલ છે જે પંચનામાને રજુ દાખલ આંક- 17 આપવામાં આવે છે. ત્યાર બાદ આગળની તપાસ પી.એસ.આઈ. જે.એ. કન્ડ્રે નાઓએ કરેલ. આરોપી તેમજ આરોપી ના વકીલ શ્રી હાજર ન હોય સદરહુ સાહેદ ની ઉલટતપાસ નથી.

(10)ત્યારબાદ ફરિયાદ પક્ષે આંક**-21** થી ત.ક. અમલદાર જીતેન્દ્રસિંહ આત્મારામ કન્ડ્રે નાઓ તેઓની સોગંધ ઉપરની જુબાની માં જણાવે છે કે તા. ૧/૮/૨૨ ના રોજ મારી નોકરી નડીયાદ રૂરલ પો.સ્ટે.માં પી.એસ.આઈ. તરીકેની હતી તે દરમીયાન પી.એસ.ઓ તરફથી નડીયાદ રૂરલ પો.સ્ટે. ગુ.ર.નંબર ૨૧૯/૨૨ ઈ.પી.કો. કલમ ૨૭૯,૩૦૪(અ), ૩૩૭ તથા એમ.વી.એકટની કલમ ૧૭૭,૧૮૪ મુજબની રજી થઈ તપાસવા સારુ અમોને આપેલ. ફરીયાદી સન્ની શીવ મંગલસીંહ રાજપુત નાઓની ફરીયાદ ધ્યાને લેતા ફરીયાદી તથા બીજા લોકો મારુતિ ઈકો ગાડીમાં જતાં હતા ત્યારે ઈકો ગાડી પુનમભાઈ જગદિશભાઈ ચલાવતા હતા અને પાછલુ ટાયર ફાટતા ઈકો ગાડી પલટી ખાઈ ગયેલી જેથી તેમાં સવાર અજયભાઈ કહારનુ સ્થળ ઉપર મરણ થયેલ તથા ડ્રાઈવર પુનઃમભાઈને ઈજા થયેલ અને તેમને સિવીલ હોસ્પી.માં દાખલ કરેલ. બનાવ વાળી જગ્યા વડોદરા થી અમદાવાદ એકસપ્રેસ હાઈવે ઉપર સલુણ પાટા જોષી પુરા સીમ પાસે હોઈ ત્યાં જઈ બે પંચોની હાજરીમાં ગુના વાળી જગ્યાનુ પંચનામું કરેલુ તથા મરણ જનાર અજયભાઈ કહારનુ ઈન્કવેસ્ટ પંચનામુ એ.એસ.આઈ. નરેન્દ્રસીહ મહીપતસીંહ નાઓએ કરેલ તથા લાગતા વળગતા સાહેદોના નિવેદન લીધેલા આરોપીનુ મેડીકલ સર્ટી મેળવેલ મરણ જનારનુ પી.એમ. નોટ મેળવેલી અને આરોપીની અટક કરી જામીન મુકત કરેલ તથા આરોપી પુનમભાઈ જગદિશભાઈ કહાર વિરુધ્ધ પુરતો પુરાવો જણાતા

ઉપરોકત ગુનામાં નામ. કોર્ટમાં ચાર્જશીટ કરેલ. આરોપીને જોયેથી ઓળખી શકુ તે કોર્ટમાં હાજર છે. મને આંક-૮ વાળી ફરીયાદ બતાવવામાં આવે છે જે તપાસ અર્થે મળેલ તે જ છે. મને આં ક-૧૭ વાળો ઈન્કવેસ્ટ પંચનામુ બતાવવામાં આવે છે તેમાં નરેન્દ્ર મહિપતસીહ (એ.એસ.આઈ.)નાઓની સહી છે જે ઓળખી બતાવુ છુ જે અમોએ ચાર્જશીટમાં સામેલ રાખેલ તે જ છે. મને ગુનાવાળી જગ્યાનુ પંચનામુ બતાવવામાં આવે છે તેમાં બે પંચો તથા રુબરુ તરીકે મારી સહી ઓળખી બતાવુ છુ જે અસલ પંચનામાને રજુ દાખલ આંક- 22 આપવામાં આવે છે. મને ઈ.પી.આર. નંબર ૨૨૯૪/૨૨ તા. ૧/૮/૨૨ સારવાર અંગેનુ સર્ટી. બતાવવામાં આવે છે તે આરોપી પુનઃમભાઈ કહારનું છે જે અમોએ ચાર્જશીટમાં સામેલ રાખેલ જે અસલ સારવાર સર્ટી.ને રજુ દાખલ આંક- 23 આપવામાં આવે છે. અમોએ ગુનામાં સંડોવાયેલ વાહન નંબર જીજે ૦૬ પી.ઈ. ૯૮૨૦ નો યાંત્રીક પરીક્ષણ કરાવેલ જેની ઝેરોક્ષ નકલ બતાવવામાં આવે છે જે અમોએ તપાસના કામે મેળવેલ તે જ છે જે યાંત્રીક પરિક્ષણની નકલને રજુ દાખલ આંક- 24 નિરીક્ષણ કરાવેલ આપવામાં આવે છે. અમોએ એફ.એસ.એલ. અધિકારી દવારા સ્થળ મને અસલ સ્થળ પરિક્ષણ અહેવાલ બતાવવામાં આવે છે જે મે ચાર્જશીટમાં સામેલ રાખેલ તે જ છે. જેને રજુ દાખલ આંક- 25 આપવામાં આવે છે. મને મરણ જનાર અજયભાઈ કહારનુ અસલ પી.એમ.નોટ બતાવવામાં આવે છે જે અમોએ ચાર્જશીટમાં સામેલ રાખેલ તે જ છે તે રજુ દાખલ આંક- 26 આપવામાં આવે છે. અમોએ ગુનામાં સંડોવાયેલ વાહનની આર.સી. બુકની નકલ મેળવેલી જેની ઝેરોક્ષ મને બતાવવામાં આવે છે તે તે જ છે જે આર.સી. બુકની ઝેરોક્ષને રજુ દાખલ આંક-27 આપવામાં આવે છે. આ સીવાય આ કામે અન્ય કોઈ તપાસ કે કાર્યવાહી કરેલ નથી.

ત્યારબાદ તેઓ તેઓની ઉલટતપાસ માં જણાવે છે કે એ વાત ખરી છે કે, બનાવ વાળી જગ્યાએ વાહનોની અવર જવર થાય છે. એ વાત ખરી નથી કે, આરોપીની બેદરકારીથી અકસ્માત થયેલ નહી. એ વાત ખરી નથી કે, અમોએ લીધેલ નિવેદનોમાં પણ આરોપીની બે દરકારીથી બનાવ બનેલ હોય તેવુ જણાવેલ નહી. એ વાત ખરી છે કે, બનાવ આકસ્મીક બનેલ છે. એ વાત ખરી નથી કે, અમોએ સાહેદોના નિવેદનો લખાવ્યા મુજબ નહી પરંતુ જાતે લખી લીધેલા. એ વાત ખરી નથી કે, આરોપી સામે પુરતો પુરાવો ન હોવા છતાં ખોટી ચાર્જશીટ કરેલ છે.

(9) <u>પુરાવાનું મૂલ્યાંકન:-</u>

અત્રેની અદાલત પુરાવા અધિનિયમના એ સિધ્ધાંતથી સુવિદિત છે કે જો ફરીયાદીની એકમાત્રની જુબાની વિશ્વાસપાત્ર અને માનવાલાયક હોય તો તે આધારે આરોપીને તકસીરવાન ઠરાવી શકાય અને તેની સાથે પુરાવા અધિનિયમના એ પ્રસ્થાપિત સિધ્ધાંતથી પણ વાકેફ છે કે આરોપી સામેનો કોઇપણ અપરાધ હંમેશા નિ:શંકપણે પુરવાર થવો જોઇએ અને તેમાં સહેજ પણ શંકા ઉપજે તો તેનો લાભ આરોપીને મળવાપાત્ર થાય છે. તે સાથે ન્યાયતંત્રના પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ 'પુરાવાનું મૂલ્યાંકન' એ શબ્દને પુરાવાના કાયદામાં ક્યાય પણ વ્યાખ્યા સ્વરૂપે સુલેખિત કરવામાં આવેલ નથી અને તે માટે કાનૂન સમર્પિત કોઇ નિયમ નથી જેથી પુરાવાનું મૂલ્યાંકન કેવી રીતે કરવું તે દરેક કેસની હકીકત અને સંજોગો પર નિર્ધારીત હોય છે અને પુરાવાના મૂલ્યાંકન માટે પુરાવા અધિનિયમની કલમ-134 ની જોગવાઈ મુજબ કોઇ હકીકત પુરવાર કરવા ચોક્કસ સંખ્યામાં સાક્ષીઓ તપાસવા એ જરૂરી નથી અને કલમ-3 મુજબ Proved, Disproved and Not proved ખ્યાલ/ધારણા મુજબ દરેક કેસના સંજોગો અને તેમાં પડેલ પુરાવાઓ મુજબ તેની હકીકતો પુરવાર થયેલ છે કે કેમ તે માટેનો પુરાવાનો બોજો હંમેશા ફરીયાદપક્ષ પર હોય છે પરંતુ તે સાથે જે તે કેસના સંબંધિત કાયદા અંતર્ગત જ્યારે આરોપી વિરુધ્ધ કોઈ વિશિષ્ટ અનુમાન કરવામાં આવેલ હોય ત્યારે તે અનુમાનનું ખંડન કરવાની જવાબદારી બચાવપક્ષની એટલે કે આરોપીની રહે છે. આમ, પ્રસ્તુત વર્ણવેલ સિંધ્ધાત અનુસાર નીચે મુજબ પુરાવાનુ મુલ્યાંકન કરેલ છે.

(10) ફરિયાદ પક્ષે આ કામ ના આરોપી ઉપર ભારતીય દંડ સંહિતા ની કલમ 279, 304(અ) & 337 અને મોટર વેહિકલ એક્ટ ની કલમ 177 અને 184 મુજબ નો તહોમત મૂકવામાં આવેલ છે જે નીચે પ્રમાણે છે.

(1) Section 279 of IPC:-

Whoever drives any vehicle, or rides, on any public way in a manner so rash or negligent as to endanger human life, or to be likely to cause hurt or injury to any other person, shall be punished with imprisonment of either description for a term which may extend to six

months, or with fine which may extend to one thousand rupees, or with both.

(2) Section 304(A) of IPC:-

Causing death by negligence.

:--Whoever causes the death of any person by doing any rash or negligent act not amounting to culpable homicide, shall be punished with imprisonment of either description for a term which may extend to two years, or with fine, or with both.]

(3) Section 337 of IPC:-

Whoever causes hurt to any person by doing any act so rashly or negligently as to endanger human life, or the personal safety of others, shall be punished with imprisonment of either description for a term which may extend to six months, or with fine which may extend to five hundred rupees, or with both.

(4) Section 177 of MV Act:-

Whoever contravenes any provision of this Act or of any rule, regulation or notification made thereunder shall, if no penalty is provided for the offence be punishable for the first offence with fine which may extend to "five hundred rupees", and for any second or subsequent offence with fine which may extend to one thousand and five hundred rupees.

(5) Section 184 of MV Act:-

Whoever drives a motor vehicle at a speed or in a manner which is dangerous to the public, "or which causes a sense of alarm or distress to the occupants of the vehicle, other road users, and persons near roads, having regard to all the circumstances of the case including the

nature, condition and use of the place where the vehicle is driven and the amount of traffic which actually is at the time or which might reasonably be expected to be in the place, shall be punishable for the first offence with imprisonment for a term "which may extend to one year but shall not be less than six months or with fine which shall not be less than one thousand rupees but may extend to five thousand rupees, or with both and for any second or subsequent offence if committed within three years of the commission of a previous similar offence with imprisonment for a term which may extend to two years, or with fine "of ten thousand rupees or with both.

(11) જેથી ઉપરોક્ત કાયદાકીય જોગવાઈઓ નો અત્રે ના કેસ ની હકીકત ને અનુલક્ષીને ચર્ચા કરવામાં આવે તો અત્રે ની કોર્ટે આંક-7 થી ફરિયાદી સન્ની શિવમંગલ રાજપૂત નાઓને તપાસેલ છે જેમાં તેઓ ફરિયાદ પક્ષ ની હકીકત ને સમર્થન આપતા નથી તેઓ જણાવે છે કે આ બનાવ ના દિવસે આ પૂનમભાઈ જગદીશભાઈ કહાર નાઓ વડોદરા અમદાવાદ એકસપ્રેસ વે ઉપર સલુણ નજીક વાહન ચલાવતા હતા ત્યારે ઇકો ગાડી નો ડાબી બાજુ નું ટાયર ફાટી જતા ગાડી નો બેલેન્સ ન રહેતા ગાડી પલટી ખાઈ ગયેલી અને અજયભાઈ અને પુનમભાઇ ને ઈજા થયેલ જેથી બંને ને નડીઆદ સિવિલ હોસ્પિટલ લઈ જતા અજયભાઈ ને મૃત જાહેર કરવામાં આવેલ. તેઓ વધુ માં જણાવે છે કે ગાડી માપસર ની ગતિ એ જતી હતી અને બનાવ કોની ભુલ ના કારણે બનેલ તેવું તેઓ જણાવી શકે નહિ. જેથી ઉપરોક્ત સાહેદ આ કામ ના આરોપી ની હાજરી બાબતે ચોક્કસ પુરાવો આપે છે તેમજ આરોપી વાહન હંકારતા હતા તે બાબતે પણ ચોક્કસ પુરાવો આપે છે પરંતુ આરોપી તેનું વાહન પુરઝડપે, બેફિકરાઈ પૂર્ણ હંકારત હતા કે કેમ તે બાબતે પુરાવો આપતા નથી તેમજ સમગ્ર અકસ્માત નો કારણ ગાડી નો ડાબી બાજુ નો ટાયર ફાટી જતા અકસ્માત બનેલ તેવું જણાવે છે. આંક-13 થી સાહેદ રોહિત રાજુભાઈ વાઘેલા નાઓ પણ તેવી જ હકીકત રજૂ કરે છે અને આરોપી ની હાજરી બાબતે પુરાવો આપે છે પરંતુ તેઓ વાહન પૂરઝડપે, બેદરકારી પૂર્ણ હંકારતા હતા કે કેમ તેવો કોઈ પુરાવો આપતા નથી અને અકસ્માત નું કારણ ગાડી નો ડાબી બાજુ નો ત્યાર ફાટી જતા બેલેન્સ ન રહેતા પલટી ખાઈ જતા બનેલ તેવું જણાવે છે. ત્યારબાદ આંક-15 થી સાહેદ બંટીભાઈ કાલકા કહાર નાઓ પણ તેવી જ

હકીકત રજૂ કરે છે અને આરોપી ની હાજરી બાબતે પુરાવો આપે છે પરંતુ તેઓ વાહન પૂરઝડપે, બેદરકારી પૂર્ણ હંકારતા હતા કે કેમ તેવો કોઈ પુરાવો આપતા નથી અને અકસ્માત નું કારણ ગાડી નો ડાબી બાજુ નો ત્યાર ફાટી જતા બેલેન્સ ન રહેતા પલટી ખાઈ જતા બનેલ તેવું જણાવે છે.

(12) ત્યારબાદ આંક-9 થી સાહેદ મોનીકાબેન અજયભાઈ કહાર નાઓ ફરિયાદ પક્ષ ની હકીકત ને સમર્થન કરે છે પરંતુ તેઓ ઉલટતપાસ માં જણાવે છે કે “બનાવ તેઓ એ નજરો નજર જોયેલ નથી.” ત્યાર બાદ આંક-10 થી સાહેદ ગણેશ શંકરભાઈ કહાર નાઓ ફરિયાદ પક્ષ ની હકીકત ને સમર્થન કરે છે પરંતુ તેઓ ઉલટતપાસ માં જણાવે છે કે “બનાવ તેઓ એ નજરો નજર જોયેલ નથી.” ત્યારબાદ આંક-11 થી સાહેદ કલ્પેશભાઈ રમેશભાઈ કહાર નાઓ પણ ફરિયાદ પક્ષ ની હકીકત ને સમર્થન કરે છે પરંતુ તેઓ ઉલટતપાસ માં જણાવે છે કે “બનાવ તેઓ એ નજરો નજર જોયેલ નથી.” ત્યારબાદ આંક-12 થી શાંતાબેન શંકરભાઈ કહાર નાઓ પણ ફરિયાદ પક્ષ ની હકીકત ને સમર્થન કરે છે પરંતુ તેઓ ઉલટતપાસ માં જણાવે છે કે “બનાવ તેઓ એ નજરો નજર જોયેલ નથી. ત્યારબાદ આંક-14 થી તેજલબેન ગણેશ કહાર નાઓ પણ ફરિયાદ પક્ષ ની હકીકત ને સમર્થન કરે છે પરંતુ તેઓની સરતપાસ જોતા તેઓ બનાવ સ્થળે હજાર નહોતા અને તેમને ફોન થી બનાવ બાબતે ની જાણ થયેલી. જેથી ઉપરોક્ત સાહેદો એ આપેલ પુરાવો હિયર-સે એવિડન્સ હોઈ તેની ચર્ચા આવશ્યક બનતી નથી.

(13) ત્યારબાદ અત્રે ની કોર્ટે આંક-16 થી ત.ક. અમલદાર નરેન્દ્રસિંહ મહિપતસિંહ અને આંક-21 થી ત.ક. અમલદાર જીતેન્દ્ર આત્મારામ કંદ્રે નાઓને તપાસેલ છે જેમાં તેઓ એ ફરજ દરમ્યાન કરેલ કાર્યવાહી બાબતે પુરાવો આપેલ છે આ કામે બચાવ પક્ષે ગુનાવાળી જગ્યા નું પંચનામું તેમજ મેડિકલ સર્ટી., પી એમ રિપોર્ટ અને મોટર વેહિકલ એક્ઝામીનેશન રિપોર્ટ, સ્થળ પરીક્ષણ અહેવાલ જેવી વિગતો કબૂલ મંજૂર રાખેલ છે જેથી જે હકીકતો કબૂલ મંજૂર રાખેલ હોય તેને પુરવાર કરવાની જરૂર નથી. ત્યારબાદ ફરિયાદી તેમજ અન્ય સાહેદો નો પુરાવો ધ્યાને લેવામાં આવે તો પંચનામા ની હકીકત પુરવાર થાય છે તેમજ ઇકો ગાડી નં. જી.જે. 06 પી.ઈ. 9820 નું અકસ્માત થયેલ તેવું પણ પુરવાર થાય છે. વધુ માં સમગ્ર પુરાવો વંચાણે લેતા આરોપી ની બનાવ સ્થળ ઉપર હાજરી પણ પુરવાર થાય છે તેમજ આરોપી જ અકસ્માત વાળું વાહન હંકારતા હતા તેવું પુરવાર થાય છે. વધુ માં જ્યારે ફરિયાદી તેમજ અન્ય નજરે જોનાર સાહેદ એવું જણાવતા હોય કે બનાવ સમયે આરોપી તેમનુ વાહન માપસર ની

ગતિ એ હંકારતા હતા અને કહેવાતો બનાવ ગાડી નો ડાબી બાજુ નો ત્યાર ફાટી જતા બનેલ જેથી આ કામ ના આરોપી તેઓ નું વાહન પૂરઝડપે બેફિકરાઈ પૂર્વક કે ગફલત ભરી રીતે હંકારતા હતા કે કેમ તેવું માની શકાય નહિ જેથી ઈ.પી.કો. કલમ 279 માં નિર્દિષ્ટ કરેલ તત્વો પુરવાર થતા નથી.

(14) ત્યારબાદ ફરિયાદી તેમજ અન્ય સાહેદો એ આપેલ સમગ્ર પુરાવો વંચાણે લઈએ તો જ્યારે ફરિયાદી તેમજ અન્ય નજરે જોનાર સાહેદ એવું જણાવતા હોય કે બનાવ સમયે આરોપી તેમનુ વાહન માપસર ની ગતિ એ હંકારતા હતા અને કહેવાતો બનાવ ગાડી નો ડાબી બાજુ નો ત્યાર ફાટી જતા બનેલ જેથી આરોપી ના કૃત્ય થી તેઓને વ્યથા કે મહાવ્યથા થયેલ છે કે કેમ તેમજ આ કામે મરણજનાર અજયભાઈ નું મૃત્યુ આ કામ ના આરોપી ના બેફિકરાઈપૂર્ણ, ગફલતભરી રીતે, પૂરઝડપે વાહન ચલાવવા થી થયેલ કે કેમ તેવું પણ પુરવાર થતું નથી જેથી ઇ.પી.કો. કલમ 304(અ) અને 337 માં નિર્દિષ્ટ કરેલ તત્વો પણ પુરવાર થતા નથી.

(15) ત્યારબાદ જ્યારે ફરિયાદી તેમજ અન્ય નજરે જોનાર સાહેદ એવું જણાવતા હોય કે બનાવ સમયે આરોપી તેમનુ વાહન માપસર ની ગતિ એ હંકારતા હતા અને કહેવાતો બનાવ ગાડી નો ડાબી બાજુ નો ત્યાર ફાટી જતા બનેલ ત્યારે આરોપી એ તેઓ નું વાહન સામાન્ય જનજીવન માં ભય ઊભો કર્યું હોય તેવી રીતે તેઓનું વાહન હંકારતા હતા કે કેમ તે પણ પુરવાર થતું નથી જેથી એમ. વી. એક્ટ. ની કલમ 184 અને 177 માં નિર્દિષ્ટ કરેલ તત્વો પુરવાર થતા નથી. જેથી આરોપી ઉપર તહોમત મુજબ નો ગુનો નિઃશંકપણે પુરવાર કરવામાં ફરિયાદ પક્ષ નિષ્ફળ ગયેલ હોઈ મુદ્દા નં. 1 નો જવાબ નકાર માં આપી મુદ્દા નં. 2 નું અન્વયે આખરી હુકમ કરવામાં આવે છે.

# <u>હુકમ</u>

(1)આ કામના આરોપી પૂનમભાઈ જગદીશભાઈ કહાર, રહે: વારસિયા આર.ટી.ઓ. રોડ, પાણી ની ટાંકી સામે, શીતળા માતાના મંદિર પાસે, કહાર મોહલ્લો, તા. જી. વડોદરા વાળાને ભારતીય દંડ સંહિતાની કલમ 279, 304(અ) & 337 તથા એમ. વી. એકટ 177 & 184 મુજબના ગુન્હાના કામે

ક્રિ.પ્રો. કોડની કલમ 255(1) મુજબ શંકાના આધારે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(2)આરોપીએ અગાઉ રજુ કરેલ જામીનને ક્રિ. પ્રો.કોડની કલમ ૪૩૭ (એ) મુજબ અપીલ પરીયડ સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તારીખ 29મી, માહે જુલાઈ, સને 2024 ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

તા. 29.07.2024
સ્થળ:- નડીઆદ

(કિશનકુમાર આર. મૌર્ય)
ચોથા અધિક જયુડિશ્યલ મેજીસ્ટ્રેટ
ફર્સ્ટ કલાસ, નડીયાદ.
JUDGE CODE: GJ 01723